સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ચેપી રોગ ને વાવાઝોડાંનો આતંક છવાયો છે...
કરેલાં એન્કૌંટરી, નિર્દોષ, ખૂનોનો ઓછાયો છે!!
પૂછાયો છે હિસાબ પ્રભુની કોર્ટમાંથી ઘો જવાબ -
મહામારી નથી આ, આપણાં પાપનો પડછાયો છે...

હાઈકુ

ટેસ્ટીંગ ઓછાં -
તે સંક્રમણ ઓછાં -
દેશી હિસાબ...

છે ભાગ્યશાળી -
તંત્રને લાધું બ્હાનું -
વેક્સીન બંધ!!

ચિંતન

ધર્મેણ રાજ્યં વિન્દેત ધર્મેન પરિપાલયેત્ ।
ધર્મમૂલાં શ્રિયં પ્રાપ્ય ન જહાતિ ન હીયતે ॥

ઉપરોક્ત શ્લોક વિદૂરનીતિમાંથી લેવામાં આવેલ છે.

ધર્મથી રાજ્ય મેળવ્યું, અને ધર્મથી તેનું પાલન - સંવર્ધન કરવું, ધર્મથી મેળવેલી લક્ષ્મી (સંપત્તિ) કદી છોડીને જતી નથી અને કદી નાશ પામતી નથી.

ધર્મનો એક અર્થ થાય છે આત્મા અને પરમાત્માનો સંબંધ, ઈશ્વર પ્રાપ્તિ, સાધના, ભક્તિ, મોક્ષ વગેરે વિષયોને આવરી લેતું આધ્યાત્મિક શાસ્ત્ર. ધર્મનો બીજો અર્થ થાય છે સામાન્ય વ્યક્તિગત અને સામાજિક નીતિ, ફરજો, ગુણધર્મો, વગેરેના નિયમોનું શાસ્ત્ર.

આ અર્થમાં રાજ્ય અને રાજકારણને લગતા બનાવતી નીતિ તે રાજધર્મ અને રાજનીતિ કહેવાય છે. માનવીના તમામ વિચારો અને વર્તનમાં પાયામાં આધ્યાત્મિક અર્થ હોવો જોઈએ એમ આપણા મહાત્માઓ માને છે. યુદ્ધ પણ ધર્મનું યુદ્ધ હોવું જોઈએ, નીતિ નિયમો અનુસાર લડાવું જોઈએ. પ્રજાનું પાલન અને સંવર્ધન પણ ધર્મ અનુસાર થવું જોઈએ. પ્રજાનો રોજગારી ઉપરાંત ન્યાયી રીતે સમૃદ્ધિ મેળવવા માટે અવકાશ મળવો જોઈએ.

સુવિચાર

- દુનિયા ધોખા દેકર અકલમંદ હો ગઈ... ઔર હમ ભરોસા કર કે ગુનહગાર હો ગયે... - **મનોહરી સિંઘ**
- એક આનાની વફાદારીની કિંમત સોળ આનાની ચાલાકી કરતાં વધારે હોય છે - **મુંબઈ સમાચાર**
- વચન પૂનમના ચંદ્ર જેવા હોય છે, તેને ઝડપથી પૂર્ણ કરવામાં ન આવે તો દિવસે દિવસે તે ક્ષીણ થતાં જાય છે - **જર્મન કહેવત**
- હું એ મિત્રોની કદર કરું છું, જે તેમના કેલેન્ડરમાં મારા માટે સમય કાઢે છે. પણ એ મિત્રો મારા હૃદયની નજીક છે, જે મારા માટે કેલેન્ડરની પણ પરવા કરતા નથી - **રોબર્ટ બ્રાલ્ટ**
- મૌન એક મલમની જેમ ઘોંઘાટ કે અવાજના ઘા ભરવામાં મદદ કરે છે - **ઓલિવર જેમ્સ**
- આપણી જિંદગીના મહત્ત્વપૂર્ણ નિર્ણયો દરમિયાન કોઈ બ્યુગલ વાગતું નથી અને કોઈ શંખનાદ થતો નથી, નિયતિ ચૂપચાપ પોતાને જાહેર કરે છે - **એગ્નેસ ડિમેલી**
- આજનું ઔષધ : પાકું કેળું એક લઈ પાણીમાં ઉકાળી એક એક વાટકી તે સવાર-સાંજ પીવાથી કબજિયાત મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

નાનકડી અમેરિકન બાળકી માર્થાના ડૉક્ટર પિતા ચેતાતંત્ર પર અસર થતા દર્દીઓ કે જેમને અંગ સંચાલન કપરું બની જાય તેવા દર્દીઓને ફીઝીઓથેરાપી આપવાની સાથે સાથે હળવા નૃત્ય પણ શીખવાડતા. બાળપણમાં માર્થાએ પિતાને વ્યાયામ શીખવતા તથા નૃત્યના પાઠ શીખવતા જોતી માર્થાને આ કળામાં રસ પડ્યો. પરંતુ પિતાએ નૃત્ય શીખવાની પરવાનગી આપી નહીં તેનું ધાર્મિક કારણ હતું. વાસ્તવમાં ખ્રિસ્તી ધર્મના એમના પંછમાં નૃત્ય કરવાની કે નૃત્યનું શિક્ષણ લેવાની મનાઈ હતી. માર્થાએ કળા શીખવા માટે પિતાને મનાવ્યા અને એક નૃત્ય શીખવતી શાળામાં એડમિશન લઈ લીધું. તેમને ટેક શોન નામના ઉત્તમ ગુરુ મળ્યા જેમને માર્થાને ઉત્તમ નૃત્ય શીખવાડ્યું. ૧૯૨૬માં માર્થાએ પોતાની ડાન્સ કંપની 'માર્થા ગ્રાહમ ડાન્સ કંપની' ની સ્થાપના કરી. તેણે આકરી મહેનત કરી. અધ્યાત્મને નૃત્ય સાથે જોડવાના પ્રયોગ કર્યા. અમુક નવી મૃત્ય શૈલી વિકસિત કરી. આ શૈલી ને અમેરિકાના નૃત્ય કળા ધૂરંધરોએ ખૂબ આદર આપ્યો. માર્તા સિત્તેર વર્ષ સુધી નૃત્ય કરતી રહી તેમજ શીખવતી રહી. તે અમેરિકાની પહેલી નૃત્યાંગના હતી. જેને વ્હાઈટ હાઉસમાં નૃત્ય કરવાનો અવસર મળ્યો. અમેરિકામાં તેને 'નૃત્યની પિકાસો' કહેવામાં આવે છે. માર્થાએ સાબિત કરી દીધું કે કશું જ અસંભવ નથી હોતું. કોઈ પણ અશક્ય અને અસંભવ દેખાતા કાર્ય પર સખત મહેનત કરવામાં આવે તો તેમાં જરૂર સફળથા મળે જ છે.

ભવિષ્યની પેઢી માટે નર્સો જ સાચી રોલ મોડેલ

તંત્રીસ્થાનેથી...

ઈશ્વરે માનવીનું સર્જન કરીને હાથ ધોઈ નાખ્યા છે. માનવી પાસે અન્ય પ્રાણીઓ કરતાં વધારે સંવેદનશીલ મન છે, વધુ ફળદ્રુપ ભેજું છે. એકીસાથે પરસ્પર વિરોધી ગણા એવી ભાવનાઓ એના મન-મસ્તિષ્કમાં સરજાઈ શકે છે. આમ જુઓ તો માનવીથી મોટું હિંસક પ્રાણી કોઈ નથી - ઊધઈ, કીડીમકોડા અને કરચલાથી લઈ એ હાથી સુધીના જીવોને મારી ખાય છે. તો બીજી તરફ કરુણાથી છલોછલ એનું હૈયું કોઈ પણ જીવનું દુ:ખ જોઈ દ્રવી ઊઠે છે. કતલખાનામાં વધેરાતા પશુને પણ રિબામણી વગર ઓછામાં ઓછી પીડા પહોંચે એ રીતે કતલ કરવાની કળા એણે વિકસાવી છે. ચાઈનીઝ કોરોના જેવી વિશ્વવ્યાપી મહામારી વખતે, ધરતીકંપ કે વાવાઝોડાંથી થતા વિનાશ વખતે અને દુષ્કાળ તથા ભૂખમરા જેવી સ્થિતિમાં માનવીની કરુણાનો કુંભ છલકાઈ જતો હોય છે. કચ્છના ભૂકંપ વખતે કે ઉત્તરાખંડના જળપ્રલય ટાણે આપણે આ વૈશ્વિક કરુણાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. ચાઈનીઝ કોરોનાએ ભારતને ભીંસમાં લીધું છે ત્યારે દુનિયા આખી એક અવાજે ભારતની વહાલે ધાવા ટાંપીને બેઠી છે. એમાં કોઈ વહાલાદવાલાની નીતિ કે રાજકીય રાગદ્વેષ વચ્ચે આવતા નથી. અમેરિકાની નર્સોના એક સેવાભાવી જૂથે ત્યાંની સુખસાહ્યબી અને સારા પગારની નોકરી છોડીને ભારતના કોવિડ-૧૯ દરદીઓની સેવા શુશ્રૂષા કરવા દોડી આવવવાની તૈયારી દાખવી છે. તેઓને ખબર છે કે આ ઓછી સુવિધાઓ ધરાવતો અને ગંદા વસાહતો તથા ઝૂંપડપટ્ટીઓથી ખદબદતો દેશ છે. પરંતુ એટલા માટે સ્તો એ તમામ જોખમો વહોરીને ભારતનાં ટાંચાં સંસાધનોવાળા અંતરિયાળ કોવિડ સેન્ટરોમાં પોતાની તજજ્ઞતાનો લાભ આપવા ઉત્સુક બની છે. એમને ભારત પાસેથી નથી આવવા જવાનું ભાડું જોઈતું કે નથી જોઈતો પગાર. કેટલાક નિવૃત્ત બ્રધર્સ પણ એમની સાથે જોડાવા માગે છે. મદદ તો ડોનેશનથી કે કલ્સલ્ટેશનથી પણ પહોંચાડી શકાય એવી સલાહ આપનારા શુભેચ્છકોને તેઓ કહે છે કે ના, અમે રૂબરૂ જઈને અમારા અનુભવ અને જ્ઞાનનો ભારતીય દરદીઓને લાભ આપવા માગીએ છીએ. અત્યારે દુનિયામાં ચાઈનીઝ કોરોનાથી જીવ ગુમાવનાર દર ત્રીજો માણસ ભારતીય છે. ભારતનો કોરોના વેરિયન્ટ વધુ ખતરનાક છે. આવા સંજોગોમાં સામૂહિક અંતિમ સંસ્કારો, ગંગા-યમુનામાં ફેંકાયેલી લાશોના ખડકલા જેવાં દૃશ્યો જોઈ ભલભલાના હાંજા ગગડી જાય, એના ઠેકાણે અમેરિકાની સો જેટલી નર્સોએ ભારત આવવા બિસ્તરાં પોટલાં બાંધી દીધાં છે. અને પોતાની ટિકિટો માટે ટહેલ નાખી જરૂરી નાણાં એકઠાં કરી દીધાં છે જૂનના પહેલા અઠવાડિયા સુધીમાં ભારત પહોંચી જઈ કાર્યરત થઈ જવા માગતા નર્સોના આ જૂથને 'અમેરિકન નર્સ ઓન એ મિશન' નામ અપાયું છે. એમરિકાની રાજધાની વોશિંગ્ટનમાં સેવારત નર્સ ચેલ્સિયા વોલ્શને આ વિચાર આવ્યો અને તેમણે 'ટ્રાવેલિંગ નર્સ' નામના સોશિયલ મીડિયા ગ્રુપમાં ભારતીય હોસ્પિટલો તથા સામૂહિક અગ્નિસંસ્કારના ફોટા શેર કરી અન્ય નર્સોને પ્રેરણા આપી. માનવીની કરુણા કોઈ ભૌગોલિક સરહદને ઓળખતી નથી. એ જીવનું જોખમ વહોરીને બીજા જીવોને બચાવવા દોડી આવવા તલપાપડ થઈ જાય છે. એમાં નથી કયાંક કાળાગોરાનો ભેદ કે નથી ધર્મ-સંપ્રદાય કે નાતજાતની ગણતરી. કદાચ આદિકાળથી માનવીમાં આ ઉચ્ચત્તર વૃત્તિ કુદરતે રોટેલી છે. એટલે જ અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે એ આજ પર્યંત અડીખમ રહ્યો છે. ભારતમાં પણ પોતાના ઘર પરિવાર કે ધાવણા બાળકને રેઢું મૂકી ડ્યૂટી બજાવતી નર્સોના અસંખ્ય દાખલા મળી આવશે. આવી પરિચાલિકાઓને આપણે જગજ્જનની અંબિકા સ્વરુપે જ જોવી જોઈએ, એમનું સન્માન કરવું જોઈએ. એ સાચી 'નેશનલ હીરો' છે, આપણી નવી પેઢી માટે એ જ સાચી રોલ મોડેલ બની શકે. પેલા નેતાઓ - અભિનેતાઓ કે જાત વેચતા રમતવીરો નહીં જ નહીં.

માનવીની સફળતામાં પુરુષાર્થનો મહિમા તથા નસીબની યારી

શ્રણિક દલાલ

માનવી પોતાનું નસીબ લઈને જ જન્મે છે તથા સાથે સાથે હાથ, પગ, મગજ જેવા બધાં જ શરીરનાં અવયવો પણ હોય છે. પરંતુ અમુક માનવી નસીબમાં જ માનતા હોય છે અને મનમાં પોતે સમજતા હોય છે કે જે નસીબમાં લખાયું હોય છે તે જ થવાનું છે અને નસીબ પર મદાર રાખતાં હોય છે. ખરાબ થાય તો પોતાના નસીબ પર રડતા હોય છે અને સારૂં થાય તો નસીબની બલિહારી ગણતા હોય છે.

વાતવાતમાં અમુક લોકો કોઈ પણ સારા નરસા બનાવો બનતા નસીબને જોડી દે છે. નસીબ ગત ભવમાં કરેલાં કર્મોને આધીન બનેલું હોય છે જ્યારે તે કર્મો પુરુષાર્થથી થતાં હોય છે.

માનવી જો ધારે તો શું નથી કરી શકતો. આ આધુનિક જમાનામાં માનવીની બુદ્ધિ તથા પ્રયાસથી વિજ્ઞાન ડગલે ને પગલે ઝપડી ગતિએ ઉર્ધ્વ દિશામાં આગળ વધતું જાય છે તથા પ્રગતિ કરી શક્યુ છે તેને કારણે જાત જાતની વિવિધ કક્ષામાં શોધો શોધાઈ છે. ટી. વી., વિડીયો, સીડી, કમ્પ્યુટર, દૂરધ્વની વિવિધ સગવડો આધુનીક મશીનોથી માનવીને ઘણી સગવડતા મળવા લાગી છે. આ શોધથી દુનિયામાં દૂર દૂર વસતા લોકો નજદીક થઈ ગયાં છે. વિજ્ઞાન તો પુરુષાર્થની પ્રસાદી છે. જે માનવીઓ નસીબમાં માનતા નથી પણ પુરુષાર્થમાં પોતાનુ ભાવિ ભાખતા હોય છે તે પોતાના કાર્યમાં સફળતા મેળવતા પોતાને જે આત્મસંતોષ મળે છે તેનો આનંદ નસીબે યારી આપી હોત તો પણ તેઓને તેટલો આત્મસંતોષ ન જ મળત.

લોટરીમાં ઈનામ લાગવું અથવા જુગારમાં કે રેસમાં જીતી જવું તે નસીબની બલિહારી ગણાય છે. પણ રમતગમતમાં જીત મેળવવા પુરુષાર્થ વધારે મહત્વની ભૂમિકા ભજવતો હોય છે. પણ કુદરતી રીતે કોઈ અડચણ આવતાં રમતગમતમાં પરિણામમાં ફરક પડતાં જીતતી ટીમ હારી જતા કે હારતી ટીમ જીતી જવામાં નસીબ ભાગ ભજવે છે.

અમુક માનવીને પોતાના ધંધામાં બરકત વધતી જાય છે. જ્યાં હાથ નાખે ત્યાં તેને પૈસા જ પૈસા મળતા હોય છે ત્યારે નસીબ મુખ્ય ભાગ ભજવતું હોય છે. જ્યારે બીજી વ્યક્તિ એ જ ધંધામાં એટલી જ હોશિયારીથી પુરુષાર્થ કરતો હોવા છતાં નુકસાન ભોગવતો હોય ત્યારે કમનસીબ મુખ્ય ભાગ ભજવતું હોય છે.

લાડવો સામે જ પડ્યો હોય પરંતુ ખાવા માટે પુરુષાર્થ કરીને લાડવો મોંમાં મૂકવા માટે હાથ તો લંબાવવો પડે છે પરંતુ જો તે લાડવો ખાવાના નસીબમાં નહિ જ હોય તો હાથમાં લેતા જ તે લાડવો પડી જશે.

પુરુષાર્થ જીતે કે નસીબ એવો સવાલ ઉભો થતાં માનવીએ સમજવું જોઈએ કે સફળતામાં એકલું નસીબ કે એકલો પુરુષાર્થ જ ભાગ નથી ભજવતો પરંતુ બંન્નેનો મળે હોય છે.

આપણે બધા દુર્યોધન છીએ

વિચારયાત્રા

ડો. જય ઓઝા

મહાભારતમાં ભગવાન વ્યાસે એક માર્મિક પ્રસંગ મૂક્યો છે. દુર્યોધનને એકવાર વિદુરજી સમજાવે છે કે ભાઈ ભાઈના યુદ્ધનું કેવું પરિણામ આવી સાંભળીને દુર્યોધન કહે છે કે -

જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિઃ ।
જાનામિ અધર્મમ્ ન ચ મે નિવૃત્તિઃ ?

ધર્મ શું છે તે હું જાણું છું પણ મારાથી તે પળાતો નથી, અને અધર્મ શું છે તે પણ હું જાણું છું, પણ મારાથી તે છોડી શકતો નથી.

આપણા સૌની ઓછા વત્તે અંશે આવી જ દશા હોય છે. એક રીતે જોવા જઈએ તો આપણે દુર્યોધનની જ ઝેરોક્સ કોપી જેવા છીએ. અમુક બાબતોમાં તો ખરા જ. શું સાચું છે તેની ખબર હોય છે, પણ જે ખોટું છે એ કરવું પડે છે અથવા એમ કહો કે ખોટું આપણે છોડી શકતા નથી.

સવારે 'સંસ્કાર', 'આસ્થા' અને આવી બીજી આધ્યાત્મિક ચેનલ પર એખરી જઈએ એટલું જ્ઞાનરૂપી ભાણું પીરસવામાં આવે છે, પણ... દિવસ દરમ્યાન તેનો શતપ્રતિશત અમલ કરવો અશક્ય છે. આપણે સત્ય જાણતા હોવા છતાં એને સ્વીકારી શકતા નથી.

શાણા અને ડહાપણભર્યા ઉપદેશ આપણને એક બાજુ ખેંચે છે, અને આપણી આદત 'થોડા જૂઠ તો ચલતા હૈ'વાળો એટીટ્યુડ બીજી બાજુ દોરી જાય છે. એક ડૉક્ટર જાણતો હોય છે કે આવેલ દર્દીને કોઈ ટેસ્ટ કરાવવાની જરૂર નથી, છતાં પણ બ્લડ ટેસ્ટ, યુરિન ટેસ્ટના નામે પેથોલોજીવાળાને ત્યાં કમિશનનું ચક્કર ફેરવવા માટે મોકલી દેશે. અધર્મ છે, ખબર છે પણ સિસ્ટમમાં ફીટ બેસવા માટે અધર્મ કરે છે.

એક શિક્ષક જાણે છે કે સત્ય શું છે, ધર્મ શું છે. વિદ્યાર્થીને ક્લાસમાં સંપૂર્ણ પ્રામાણિકતાથી ભણાવવો એ શિક્ષકનો ધર્મ છે, છતાં પણ ટ્યૂશનની જરૂર પડે એ હેતુથી ક્લાસમાં અધકચરું જ ભણાવે છે. આ અધર્મ છે, પણ 'થોડા તો ચલતા હૈ', સામા પક્ષે વિદ્યાર્થી પણ વર્ગખંડમાં બેસવા ખાતર બેસે છે. પરીક્ષામાં ચોરી કરવી

અધર્મ છે. અસત્ય છે, પણ થોડું આગળ-પાછળ જોઈ લેવું-આટલો નાનો અધર્મ આચરવાનું છોડી શકતો નથી.

માતાપિતા સંતાનના ગુણ વધારવા માટે પરીક્ષાના પ્રશ્નપત્ર ફોડવાના પૈસા આપવાનો અધર્મ આચરતા અચકાતા નથી.

એક નેતા જાણે છે કે ચૂંટણીમાં આપેલા વાયદાઓ પોકળ છે, ખોટા છે, પણ નેતા આવા ખોટા વાયદા આપ્યા વગર અધર્મ આચર્યા વગર ચૂંટાઈ જ ન શકે. અને આ બધાની ઉપર આપણે બધા, જે ક્યાંક ને ક્યાંક આવા અધર્મ આચરતા લોકોને પુષ્ટિ આપીએ છીએ, તેમણે કરેલા અધર્મને સહન કરીએ છીએ. આમ કરીને તેમાં બરાબર સહભાગી બનીએ છીએ. ખબર બધી છે પણ કોચલામાંથી બહાર નીકળી શકાય તેમ નથી.

ખોંખારીને બોલતા નથી.
જીવનને સ્વપ્ન માનું છું,
મગર ત્યાગી નથી શકતો.
છું એવી જાગૃતિમાં કે
વધુ જાગી નથી શકતો.

- બેફામ

બોલે કોણ યાર! આ આખી સિસ્ટમની સામે બોલ બોલ કરીને શું ફાયદો! ટ્રાફિક સિગ્નલ પર લાંચ લેતા હવાલદારને પચાસની નોટ આપીએ છીએ તે અધર્મ છે, પણ સબ ચલના હૈ યારો!

ચૂંટણીમાં મતદાન કરવા જ ન જાવ અને ઘરે બેસીને ટી વી પર એક્ઝિટ પોલ પરના તારણો જોતા રહીએ, તે યોગ્ય તો નથી જ પણ .....

બાળકને એડમિશન અપાવવા માટે ડોનેશન આપવાનું અત્ય કરવું એ તો બરાબર નથી પણ....

નવી-નવી છટકબારીઓ શોધીને ટેક્સમાં રાહતો કેવી રીતે મેળવવી તેની માટે સી.એ.ને ઊંચી ફી ચૂકવીએ છીએ. આ સાચું નથી પણ...

બોર્ડની પરીક્ષા નજીક આવી રહી છે, પણ તમારા ઘરની બહાર જ લગ્નની આગલી રાતે ગરબાના નામે ડી.જે.ની ધૂમ બોલાવાય છે. પણ તમે ચૂપ છો, વિરોધ નથી કરતા, આને અધર્મ ન કહેવાય?

બિલ લીધા વગર કોઈ વસ્તુ ખરીદવી એ ખોટું છે, પણ થોડા રૂપિયા બચતા હોવાના કારણે આપણે બિલ નથી માંગતા આ સાચું તો નથી જ ને!

ટેલિફોનબિલ, લાઈટબિલની લાઈનમાં ઊભા હોઈએ ૧૦ વાગે બારી ખુલવાની હોય અને પેલા કર્મચારી વાતોના તડાકા મારતો મારતો મોડો-મોડો આવે છતાં આપણે ચૂપ રહીએ છીએ, આપણે ચૂપ રહેવાનું છોડી શકાતા નથી. આપણો સ્વભાવ બની ગયો છે.

આપણી આસપાસ એવી ઘણી બધી પ્રવૃત્તિઓ થતી રહેતી હોય છે જે ખોટું છે - અન્યાયી છે, પણ આપણે આંખ આડા કાન કરીએ છીએ.... આ અધર્મનો સ્કેવર છે. ક્યુબ છે.

આજના સમયમાં શત-પ્રતિશત સત્ય નામની કોઈ ચીજ રહી નથી. સત્યવાદી હરીશચંદ્ર કે ધર્માત્મા યુધિષ્ઠિરના કેરેક્ટર સિરિયલમાં કે નાટકમાં પણ શોભાના ગાંઠિયાની જેમ આવે છે અને જાય છે, ફક્ત આવે છે અને જાય છે.

સત્યની અંદર ભેળસેળ ન હોય કે ધર્મમાં અધર્મની છાંટ ન હોય એવું કોરું સત્ય શૂળી પર ચડાવી દે તેવું હોય છે, એટલી સમજ તો આપણે બધા મેળવી જ ચૂક્યા છીએ એટલે જ સગવડિયો ધર્મ અથવા તો કહીએ કે અધર્મ અપનાવતા શીખી ગયા છીએ. બની શકે ત્યા સુધી સત્યાગ્રહી બનવું, નહીંતર દુર્યોધનવાળી કરી નાખવાની...

જાનામિ અહં અધર્મ ન ચ મે નિવૃત્તિઃ ? જાનામિ અહં ધર્મ ન ચ મે પ્રવૃત્તિઃ ?

- jayuoza@gmail.com, Mo.9898046488

દોસ્તો સાથે લારી ઉપર બેસી ચાની ચુસકીનો આનંદ છીનવવાનુ મહાપાપ કોરોના વાયરસે કર્યું છે

આત્મનાદ

પુલક ત્રિવેદી

pulak63@gmail.com

મિલો કભી ચાય પર ફિર કિસ્સે બુનેંગે
તુમ ખામોશી સે કહના, હમ ચુપ કે સે સુનેંગે
અસલ જિંદગી તો વહી જીતે હૈ
જો ચાય બડે ચાવ સે પીતે હૈ...

ફાઈવ સ્ટાર રેસ્ટોરન્ટ હોય કે ગલીના નુક્કડ પાસેની ચાની લારી હોય, મિત્રો સાથે બેસી ચાના કપમાંથી ઘુંટડે ઘુંટડે થતી અલક મલકની વાતોમાંથી એક નવુ જ આકાશ ખુલતું હોય છે. આ કોરોના કાળમાં ઘરે બેઠેલાઓને પુછી જોજો ચાની લારી ઉપર દોસ્તોની કંપની કેટલી મીસ કરી? તો એક જ જવાબ મળશે કે કોરોના વાયરસે મિત્રો સાથે બેસી ચા પીવાની મોજ છીનવવાનુ મહાપાપ કર્યું છે. ઈશ્વર આ ઘાતકી ગુના માટે એને ભયંકર સજા આપશે અને પૃથ્વી ઉપરથી એને નેસ્ત નાબુદ કરી નાખશે. ક્યાંક 'કટીંગલ્લ તો ક્યાંક 'કપ ઓફ ટીલ્લ કહેવાય પણ ચાનો મિજાજ હંમેશાં સમરંગી જ રહે. દોસ્તોની નિકટતાનુ મજબુત કારણ બનતી હોય છે ચાની એક પ્યાલી.

ચાના કેટ કેટલા સ્વાદ અને વિવિધ રૂપ રંગ. એપલ, ચોકલેટ, લેમન, મસાલા, અદરક, ઈલાયચી વગેરે સ્વાદ અનેક પણ મુળતત્વ એક. બ્લેક, એલ્વો અને ગ્રીન ટીની પણ અલગ માંગ રહે. એમાય દૂધ, પાણી, ખાંડ, ચા પત્તી અને આદુને મસ્ત ઉકાળીને બનાવાતી રગડા જેવી ગુજરાતી ચા એટલે સેધે સીધુ સ્વર્ગનુ સરનામુ. ખાલી ખાલી ભેગા થઈને વાત કરવામાં કોઈ દમ નથી. ચાની પ્યાલી વગર દમદાર વાત પણ ખોખલી લાગે અને ચાની ચુસકી સાથે ફાલતુ વાત પણ દમદાર અને જાનદાર બની જાય. જગતમાં ચાના ઘૂંટડા સાથે ગળા નીચે કેટલાય રાઝ પણ પેટમાં ઉતારી દેવતા હશે. તો વળી એક સીપ ચાની સાથે કેટ કેટલી યાદોનો વરસાદ પણ તૂટી પડતો હશે. ચા પીતા હંમેશાં ઉચા ઉચા ખ્યાલ જ આવે એવું પણ નથી એમનેએમ કશા જ કારણ વગર પણ ચા એટલે બસ ચા. કોઈ પણ સમયે એની મોજ અલગ, એનો અંદાજ અલગ.

અમિતાભ બચ્ચન બોલીવુડ કલાકારથી પણ વધુ લેખક, ચિંતક, વકતા અને વિચારક છે. સર્જક પિતા હરિવંશરાય બચ્ચન પાસેથી એમને સર્જનાત્મકતા વારસામાં મળી છે. એમણે થોડા સમય પહેલા ઈન્સ્ટાગ્રામ ઉપર ચા પ્રત્યે એમના અપ્રતિમ સ્નેહને કવિતામાં કંઈક આવી રીતે પ્રસ્તુત કરતાં લખ્યું કે,

થોડા પાની રંજ કા ઉબાલીયે
ખૂબ સારા દૂધ ખુશિયોં કા
થોડી પત્તીયાં ખ્યાલો કી
થોડે ગમ કો કૂટકર બારીક
હસી કી ચીની મિલા દીજીયે
ઉબલને દીજીયે ખ્વાબો કો
કુછ દેર તક...
યહ જિંદગી કી ચાય હૈ જનાબ
ઈસે તસલ્લી કે કપ મેં છાનકર
ઘૂંટ ઘૂંટકર મજા લીજીયે...

અમિતાભની જીંદગીની ચા ઉપરની આ મજેદાર કવિતાને પાંચ લાખથી વધુ લોકોએ પસંદ કરી છે અને એની ઉપર રિએકશન આપ્યા છે.

સવાલ એ છે કે, તબિયત ખૂશ કરી દેતી, તાજગી ભરી દેતી ચાની ચુસકી આવી ક્યાંથી? ઈતિહાસના પાને ચાનુ સ્થાન ક્યા અને કેવી રીતે છે? ચાની શોધ કંઈ વૈજ્ઞાનિકોએ કરી નથી. ઈતિહાસ કહે છે કે, ચા પાંચ હજાર વર્ષો પહેલાં ચીનમાંથી આવી છે. ચીનમાં એક સમ્રાટ શેન નુગ્નનું રાજ્ય હતું. રાજા શેન તેના આરોગ્ય માટે ખૂબ જાગૃત હતો. હંમેશા સવારે મોર્નિંગ વોક બાદ તેના શાહી બગીચામાં બેસી ગરમ પાણી પીવાનો રાજાનો દૈનિક ક્રમ. એક દિવસની વાત છે. રાજા શેન સવારે લટાર મારી તેમના નિત્યક્રમ મુજબ બગીચામાં ગરમ પાણી પીવા બેઠા. ત્યારે સેવકે ટેબલ ઉપર મુકેલા ગરમ પાણીના ગ્લાસમાં આસપાસના પ્લાન્ટમાંથી પત્તા ઉડીને પડ્યા. આ પત્તાથી રાજાના પીવાના ગરમ પાણીનો રંગ બદલાયો અને તેમાંથી અલગ સોડમ પણ આવવા લાગી. રાજા શેન આ પાણી પીવા આકર્ષાયા. દિવાને રાજાને આ પાણી પીતા રોક્યા કારણ કે, ઉડીની આવેલા પાંદડા ઝેરી પણ હોઈ શકે. પરંતુ રાજા ન માન્યા અને પાણી પીધું. આ પાણી પીવાથી રાજાએ તાજગી અનુભવી. એમણે તેમના રસોઈયાઓને બોલાવી આ પાંદડાની ચકાસણી કરાવી. ઉડીને અવેલા ચાના પંદડા ગુણકારી અને ઉપયોગી હોવનુ મલુમ પડ્યુ. રાજાએ સુચના આપી કે, હવે રોજ આ જ પાંદડાવાળું ગરમ પાણી આપવામાં આવે. પછી તો દરબારીઓને પણ આવું પાણી પીવાનું પસંદ પડવા લાગ્યું.

ધીમે ધીમે આખા ચીનમાં આ પીણું પ્રચલિત બની ગયું. ચીનમાં મહેમાનોનું સ્વાગત આ ચાની પત્તીના પીણાથી થવા લાગ્યું. ટ્રેડ સિક્રેટ ફોર્મ્યુલા પ્રમાણે રાજાએ લોકોને ફરમાન કર્યું કે પીણાની રેસીપી બીજા કોઈને ન આપવી. બસ આ જ કારણે ચાની શોધ પછી હજારો વર્ષો ચીનની લાંબી અને મજબુત દિવાલ પાછળ તે છુપાયેલી રહી. બૌદ્ધ ભિક્ષુકોએ જ્યાં જ્યાં વિચરણ કર્યું ત્યાં ત્યાં ચા બનાવીને સ્વયં પીધી અને લોકોને પણ પીવડાવી. કહેવાય છે કે, ભગવાન મહાવીરે આસામના જંગલોમાં ચાની પત્તીઓને શોધી કાઢી. આસામના જંગલોમાં સાત વર્ષ ધ્યાનના સમયે મહાવીર ચાના પાંદડાને ચાવીને જીવીત રહ્યા હતા. ચાની પત્તીઓથી મહાવીરને ઉંઘ નહોતી આવતી અને ભોજન વગર સરસ ધ્યાન કરી શકતા હતા.

ઈંગ્લેન્ડના લોકો ચા માટે જાપાન ઉપર અવલંબીત હતા. જાપાન ચીનથી ચા પત્તી ઈંગ્લેન્ડ પહોંચાડતું. એવામાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીને ભારતના આસામમાં ચાની ભાળ મળી. વર્ષ ૧૮૩૪માં ગવર્નર લોર્ડ વિલિયમ બેટિંકે બ્રિટન સરકારને આ વિશે અહેવાલ આપ્યો અને પછી આસામ, દાર્જીલીંગ અને દક્ષિણ ભારતમાં ચાનું મોટા પ્રમાણમાં ઉત્પાદન શરૂ થયું. ભારતની ચાનું માર્કેટિંગ અંગ્રેજી ગોરાઓએ ખૂબ કર્યું. આજે જગતમાં સૌથી વધુ ચા ઉત્પાદન કરવામાં અને પીવામા ચીન પછી ભારત બીજા ક્રમે છે.

વેદાંત અને ભારતીય આધ્યાત્મિક સાંસ્કૃતિક વિરાસતને વિશ્વ સમક્ષ મૂકી ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિને ઉજાગર કરનારા સ્વામી વિવેકાનંદજી ચા પીવાના બડા શોખીન હતા. બંગાળી ચિંતક અને લેખક શંકરે વર્ષ ૨૦૦૩માં સ્વામી વિવેકાનંદજીના જીવનના વિવિધ પાસાને તેમના પુસ્તક 'અચેના અજાના વિવેકાનંદલ્લમાં સ્વામીજીનો ચાનો શોખ વર્ણવ્યો છે. શંકરના આ પુસ્તકમાં સ્વામીજી ચાના રસિક હોવાની વાતનો ઉલ્લેખ છે. શંકરે વિવેકાનંદજીના જીવનના વિવિધ પ્રસંગોને ૨૦૦ જેટલા પુસ્તકોમાં વિગતવાર નિખાર આપ્યો છે.

બે મિત્રોની યારીને પ્રગાઢ બનાવે ચા, પ્રેમીઓના પ્રેમને નિખાર આપે ચા, અધિકારીઓની બેઠકોમાં ચોંટદાર નિર્ણયોની સાક્ષી બને ચા, થાકેલાને તાજગી આપે ચા, ઉંઘ ઉડાડી જાગતા-ભાગતા કરે ચા. એક એવું નિર્દોષ અને નિખાલસ પીણું છે ચા કે જેના પ્રત્યેક ઘૂંટડે દોસ્તીનો દમ વધે છે. દોડતા સમયની ઉપર લગામ કસીને બાજુમા પ્રેમથી બેસાડી દેવાની શક્તિ છે ચાની એક પ્યાલીમાં. કોરોનાએ ખુબ નુકસાન કર્યું છે. એમાં પણ દોસ્તો સાથે મળી લારી ઉપર બેસી ચાના કપમાંથી ઘૂંટડે ઘૂંટડે મળતો લાખો રૂપિયાનો સંતોષ ઝૂંટવી લેવાનું સૌથી મોટું દુષ્કૃત્ય કોરોના વાયરસે કર્યું છે.

ધબકાર :

'તારીફ બયાં કર રહે થે લોગ અપને અપને પસંદીદા જામ કી,
ખામોશી બસર હો ગઈ મહેફિલ મેં જબ મિસાલ દી હમને ચાય કી...

- અજ્ઞાત